# નાટક : મીરાં કે મેડોના

☺☺☺☺☺☺☺☺☺☺☺☺☺☺☺☺☺☺☺☺☺☺☺☺☺☺☺☺☺

પાત્ર :

સાસુ ; આશરે ૫૦-૫૫ વર્ષ ની સ્ત્રી

**નિલિમા** ; વહુ

**સોનું** ; નિલિમા ની દિકરી

**બીના અને ગૌરી** ; સોનુની ક્લાસમેટ

*(પડદો ખૂલે છે)*

*(દાદીમા પૂજાખંડમાંથી પૂજા કરીને ભજન ગાતાં ગાતાં બહાર સભાખંડમાં આવે છે.)*

**રઘુપતિ રાઘવ રાજા રામ , પતિત પાવન સીતારામ,**

**ઇશ્વર અલ્લાહ તેરો નામ , સબકો સન્મતિ દે ભગવાન.**

*(સોનું તેના રૂમમાંથી નીચે ગીત ગાતી ગાતી આવે છે.)*

**મેરે ફોટો કો સીને સે યાર , ચીપકાલે સૈયા ફેવીકોલ સે...(૨)**

**સાસુ** ; નિલિમા, જોને આ સોનું સવાર સવારમાં પ્રભુને યાદ કરવાને બદલે કેવા ગીત ગાય છે.

**સોનુ** ; બસ દાદીમા , બંધ કરો તમારૂં લેક્ચર. મારે નથી સાંભળવું. મમ્મી મને બ્રેકફાસ્ટ આપ, મારે સ્કૂલે જવાનું મોડું થાય છે.

**નિલિમા** ; હા , બેટા નાસ્તો તૈયાર છે.

*(સોનુ સ્કૂલે જાય છે)*

**સાસુ** ; નિલિમા આજે તારે ક્યાંય બહાર જવાનું છે?

**નિલિમા** ; કેમ હું બહાર જાવ તેમા તમને કંઇ તકલીફ?

*(નિલિમા પોતાનું કામ પતાવી બહાર જવાની તૈયારી કરે છે)*

**સાસુ** ; નિલિમા ક્યાં જાય છે? જોને, સોનુ હજી આવી નથી. એ અત્યારે ધો-૧૨માં છે અને એની સ્કૂલ તો ૨;૦૦ વાગ્યે છૂટી જાય છે.અને આજકાલ તો એ કંઇક વધારે જ મોડી આવે છે.

**નિલિમા**; બસ મમ્મી , હવે સોનુ મોટી થઇ ગઇ છે.એને એની રીતે જીવવાનો પૂરો હક છે.

**સાસુ** ; તારી વાત સાચી છે, પણ સોનુ હજી નાદાન છે. એને હજી સારા–નરસા નું ભાન નથી. એનું તુ ધ્યાન રાખ. એ ક્યાં જાય છે? શું કરે છે? આ તો તુ જ આખો દિવસ કિટીપાર્ટીમાં , શોપીંગમાં અને ફરવામાં દિવસ પૂરો કરે છે. અરે તારે તો સોનુ માં સભ્યતા અને સંસ્કારોનું સિંચન કરવાનું હોય. કેવા વસ્ત્રો પહેરવા? શું બોલવું? શું ન બોલવું? કેવી રીતે રહેવું? એને મીરાં, રાધા અને આપણી સંસ્કૃતિની

સમજ આપવાની હોય. જીવનમાં આવતા કપરા સમયમાં પણ સયંમી અને અડગ કેવી રીતે રહેવું તે

શીખવવાનું હોય. પણ આ તો તને જ ખબર નથી પછી એને શું કહેવાની?

**નિલિમા**; તમે શું કહ્યુ? મને જ કંઇ સમજ નથી?

**સાસુમા**; હા , સાંજે તું ઘરે આવે ત્યારે સોનુની સાચી ખોટી દરેક માગણી પૂરી કરે છે. અરે, તેં ક્યારેય વિચાર

કર્યો છે તે તારી સવલતો અને સગવડોનો શો ઉપયોગ કરે છે? ખબર છે ?

એ રાત્રે મોબાઇલ અને કમ્પ્યુટર પર શુ કરે છે?. ના જરાય નહિ.

એણે મને તેના મોબાઇલ અને કમ્પ્યુટરને અડવાની ના પાડી. એનાથી મને જરાય વાંધો નથી.

પણ એ મારા થી શુ છુપાવે છે? તેની સામે વિરોધ છે. એના મિત્રો કોણ છે? એ ક્યાં જાય છે ? એને

કેવી આદ્તો છે? એ જાણવાનો તે ક્યારેય પ્રયત્ન કર્યો છે.

અરે આપણી સવાર તો પ્રભુ ના સ્મરણથી અને વડીલોના આશિર્વાદથી થવી જોઇએ. ત્યારેતો એના

રૂમની લાઇટ્ જ ત્રણ ને ચાર વાગ્યે બંધ થાય છે. છ વાગ્યે ઉઠી સ્કુલે જાય છે. ગમે ત્યારે આવી જમે

છે. ને સૂઇ જાય છે .એ સ્વતંત્રતા અને સ્વછંદી પણા નો ભેદ પારખી શકતી નથી . આપણેજ તેને

સમજાવવુ જોઇએ. અરે વડીલો કહે છે કે " લગામ વગરનું જાનવર પણ બેફામ બની જાય છે." માટે

જીવનમાં નિયમોનું હોવું જરૂરી છે.

**નિલિમા**; બસ હવે બૌ થયુ ,તમે મને ને મારી દિકરીને જાનવર સાથે સરખાવો છો? શું જ્યારે ને ત્યારે

સંસ્કાર, સભ્યતાની વાતો કરવા લાગો છો. અરે કાંઇ થાય એટલે રાધા – રુક્ષ્મણીની કેસેટ ચાલુ કરી

.દો છો. અરે મે તમને ક્યારેય મેડોના કે એંજેલીના જોલી વિશે જાણવા કહયું છે? તમે સમજવા કેમ

તૈયાર નથી કે અત્યારે જનરેશન બદલાઇ ગયુ છે. મારે મારી છોકરીને બાવી નથી બનાવવી. બસ

જ્યારે ને ત્યારે એક જ ડાયલોગ , "પહેલા માચીસ પેટાવતા શીખવાડાય અને પછી રસોઇ." આજે

તમારા સંસ્કાર થી જીવન નથી ચાલતું. સમય પ્રમાણે નિયમો બદલવા પડે નહિ તો પાછળ રહી

જવાય.

**સાસુમા**; નિયમો બદલવા પડે પણ નિયમો તો હોયજ. છોકરો મમ્મી કહે કે બા કહે પણ વાત્સલ્ય ની

વૃષ્ટિ માટે બાપ પાસે તો નહિ જ જાય.

**નિલિમા**: બસ પાછુ શરૂ ન કરો તમારુ ... (ફોન પર) હલો, હા યાર આવુ છુ , તમે પાર્ટી શરૂ કરો. ના ઘર

માં રામાયણ ચાલતી હતી. તેને મહાભારત માં ફેરવી ને આવુ છુ. હા...હા......

(અચાનક સોનુ ની કલાસમેટ સોનુ ને બેભાન અવસ્થા માં ઘરમાં લઇ ને પ્રવેશે છે.)

**નિલિમા અને સાસુમા**: શુ થયુ મારી સોનુ ને ?

**બીના**: ખબર નહી આંટી પણ સોનુ સયાજીગાર્ડન ના બાંક્ડા પર બેભાન અવસ્થામાં પડી હતી.

**નિલિમા**; હેં શું વાત કરે છે? એ તો સવારે સ્કૂલે જવા જ નીકળી હતી.

**ગૌરી**; પણ આંટી સોનું તો સવાર થી સ્કૂલે આવી જ નહોતી.

**બીના**; આંટી સોનું સવારે તેના બોયફ્રેંડ સાથે બાઇક પર હતી. પછી તે સ્કૂલે આવી નથી.

**નિલિમા**; સોનુ...સોનુ.. ઉઠ ને બેટા તને શું થયું છે? લાગે છે તેને ડોકટર પાસે લઇ જવી પડશે.

*(નિલિમા અને સોનુની ક્લાસમેટ બંને થઇને તેને ડોક્ટર પાસે લઇ જાય છે.)*

**નિલિમા**; જુઓ ને ડો.સાહેબ મારી દિકરી બોલતી નથી તેને શુ થયું છે?

*(ડોક્ટર તપાસે છે.)*

**ડોક્ટર**; લાગે છે તમારી દિકરીએ પોઇઝન લીધું છે. અને તે પૂરા શરીર માં ફેલાય ચૂક્યું છે.

*( ડોક્ટર ટ્રીટમેંટ ચાલુ કરે છે .)*

**ડોક્ટર**; સોનુ ની તબિયત નાજુક છે.

*( સાસુમા દવાખાને આવે છે )*

**સાસુમા**; નિલિમા સોનુ ને શુ થયું છે? કેમ છે હવે તેને? ડોક્ટરે શું કહ્યું?

**નિલિમા**; મમ્મી હજુ તેની તબિયત નાજુક છે. મમ્મી તમારી વાત ક્યારેય મેં માની નહી અને આજે મારી ફૂલ જેવી દિકરીને પેલા છોકરાએ પ્રેમના નામે છેતરી તેના ચારિત્રને લાંછન લગાડ્યું. હા એ મારી જ ભૂલ .મેં જ એને મેડોનાના પોપ ની જગ્યાએ મીરાં ના ભજન સંભળાવ્યા હોત તો એને સાચા પ્રેમની પરખ હોત. અરે રાધારસની વાત કરી હોત તો સ્નેહ ની સમજ હોત ,રૂક્ષ્મણીના ત્યાગની વાત કરી હોત સંયમને સમજી હોત અને સીતાની વાત કરી હોત તો એ લક્ષ્મણરેખાનું મહત્વ સમજી હોત. મેં જ મારી સોનીને મોતના મુખમાં ધકેલી છે. મેં જ ભૌતિક્તાના કલ્ચરનું ઝેર તેને આપ્યું તે જ પીને તે મરણ પથારી પર જીવન અને મૃત્યું વચ્ચે ઝોલા ખાઇ રહી છે.

*(નિલિમા સાસુના ખોળામાં માથું મૂકી ને રડી રહી છે.)*

**સાસુમા**; બસ બેટા હવે જાગ્યા ત્યાર થી સવાર. હવે તો પ્રભુને પ્રાર્થના કરો કે આપણી સોનુ શારીરિક અને માનસિક રીતે સાજી થઇ ને ઘરે પાછી આવે.

*(પડદો પડે છે...)*